# પત્ની સાથે આડાસંબંધની શંકામાં ભાણેજની હત્યા કરનાર ઝડપાયો

**૩૧ દિવસમાં** ૨૦ હત્યાથી સુરતમાં ભયનો માહોલ

સુરતઃ ગઈકાલે રાત્રે હોડીબંગલા વિસ્તારમાં સગા મામાએ પત્ની સાથેના આડા સંબંધની શંકામાં ભાણેજ અલ્તમસની હત્યા કરી નાંખી હતી. તેને પોલીસે આરોપી મોહંમદ શફી ઉર્ફે શેરાને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૪ ની પાછળ આવેલી ઝૂંપડપટ્ટીમાંથી દબોચી લેવામાં આવ્યો હતો. સુરત શહેરમાં ૭ મેથી ૮ જૂન સુધીના માત્ર ૩૧ દિવસના ગાળામાં ૨૦ હત્યાના બનાવો સામે આવતા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર ચર્ચા શરૂ થઈ છે. સરેરાશ દર ૩૭ કલાકે એક હત્યાની ઘટના નોંધાતા શહેરમાં અસુરક્ષાની લાગણી ઘેરી બની રહી છે. સતત વહેતા લોહિયાળ બનાવોએ પોલીસ પેટ્રોલિંગ, ગુનેગારો પરની પકડ અને કાયદાના અમલીકરણની અસરકારકતા અંગે સવાલો ઊભા કર્યા છે. વેપાર અને વિકાસ માટે ઓળખાતા સુરતમાં હવે સામાન્ય નાગરિકોમાં પણ ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### હત્યાની ગંભીર ઘટના છતાં એસીપી આહીરને ઊંઘ વ્હાલી છે!

લાલગેટ વિસ્તારમાં ભાણિયાની નિર્દય હત્યાએ શહેરને હચમચાવી દીધું,પરંતુ જવાબદાર પોલીસ અધિકારીના વલણને લઈને અનેક સવાલો ઊભા થયા છે. ઘટના બાદ હકીકત જાણવા માટે સંપર્ક કરવામાં આવતા ઈ-ડિવિઝનના એસીપી આર.આર. આહીરે 'આ સમય ફોન કરવાનો છે?' એવો પ્રતિભાવ આપ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે. શહેરમાં હત્યા જેવી ગંભીર ઘટના બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે માહિતી માંગવામાં આવે ત્યારે જવાબદારીપૂર્વક પ્રતિસાદ આપવાની અપેક્ષા રહે છે. તેના બદલે જો અસંતોષજનક વલણ જોવા મળે તો જનતામાં અસંતોષ ફેલાય તે સ્વાભાવિક છે. આખરે જનસુરક્ષાની જવાબદારી સંભાળતા અધિકારીઓ માટે ગંભીર ગુનાખોરીની ઘટના વધુ મહત્વની કે પોતાની આરામદાયક ઊંઘ? આ પ્રશ્ન હવે ચર્ચાઈ રહ્યો છે.

# મોડી રાત્રે સુરતમાં 'મેઘો' મંડાણો

**વેસુથી** માંડીને કોટ વિસ્તાર સુધીના વિસ્તારોમાં ઝાપટું પડ્યું, આજે પણ વરસાદની વકી



(તસવીર : હેમંત ડેરે)

સુરતઃ સુરતીલાલાઓ જે ઘડીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા, તે ઘડી આખરે આવી પહોંચી છે. છેલ્લા ઘણા સમયથી કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાથી ત્રાહિમામ પોકારી ઊઠેલા સુરત શહેરના વાતાવરણમાં આજે મોટો પલટો આવ્યો હતો. મોડી રાત્રે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મેઘરાજાએ અચાનક પધરામણી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ચોમાસાના આગમનની રાહ જોતા સુરતીઓ માટે આ વરસાદનું ઝાપટું કોઈ આશીર્વાદથી ઓછું નહોતું. વરસાદ શરૂ થતાની સાથે જ શહેરના રસ્તા પર વાતાવરણ ખુશનુમા બની ગયું હતું.

મોડી રાત્રે સુરતના વેસુ, કોટવિસ્તાર, રાંદેર, ખટોદરાથી માંડીને અન્ય વિસ્તારોમાં વરસાદ પડ્યાના સમાચાર મળ્યા હતા. અચાનક પડેલા વરસાદને કારણે જે લોકો કાળઝાળ ગરમીથી બચવા માટે અગાશી (ટેરેસ) પર સૂવાની તૈયારી કરી રહ્યા હતા, તેઓ વરસાદના છાંટા પડતા જ ગોદડાં-પાથરણાં લઈને તાબડતોબ ઘરમાં દોડ્યા હતા. તો બીજી તરફ ફૂટપાથ પર પોતાનું ગુજરાન ચલાવતા શ્રમજીવીઓ વરસાદથી બચવા માટે આ લોકો પોતાનો સામાન સંભાળીને નજીકના બ્રિજ નીચે આશરો લેવા માટે દોડધામ કરતા નજરે પડ્યા હતા. લાંબા સમયથી ગરમીના કારણે અકળાયેલા સુરતીઓ માટે આ વરસાદનું ઝાપટું ભલે ટૂંકું રહ્યું હોય, પરંતુ તે પોતાનામાં ઠંડક અને ખુશીની નવી આશા લઈને આવ્યું છે. આમ પણ આવતીકાલથી વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ચોમાસાની શરૂઆત સુરતીઓને ગરમીમાંથી વધુ રાહત અપાવશે.

# જનાદેશના રાજુ ચૌધરીની ફેબ્રિકેશનના વેપારી સાથે રૂપિયા 1.48 કરોડની ઠગાઈ

**સુરત** મનપાનું ટેન્ડર અપાવવાના બહાને ફેબ્રિકેશનના વેપારી સાથે રૂ.૧.૪૮ કરોડની ઠગાઈ

### આવાસ યોજનામાં ફ્લેટ અને દુકાનોના નામે પણ કૌભાંડ આચર્યું!

પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો મુજબ રાજેન્દ્ર ચૌધરીએ અગાઉ સુરત મહાનગરપાલિકાની આવાસ યોજનામાં ગરીબ અને મધ્યમવર્ગીય લોકોને ફ્લેટ તેમજ દુકાનો અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લીધા હતા. આ આવાસ કૌભાંડના ગુનામાં રાજેન્દ્ર ચૌધરી લાંબા સમયથી પોલીસ ચોપડે વોન્ટેડ છે.

સુરતઃ સણીયા ગામના એક ફેબ્રિકેશનના વેપારીને સુરત મહાનગરપાલિકાનું મોટું ટેન્ડર અપાવવાની લાલચ આપીને 'જનાદેશ પ્રેસ'ના માલિક રાજેન્દ્ર દિનકરભાઈ ચૌધરીએ રૂ.૧,૪૮,૨૯,૯૦૦ની મસમોટી છેતરપિંડી આચરી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મૂળ મહારાષ્ટ્રના જલગાંવના અમલનેરના ડેકુસીમ ગામના વતની અને હાલ સુરત શહેરના છેવાડે સણીયા ગામ જવાહર સ્કૂલ પાસે 'વિજયવીલા'માં રહેતા ૪૫ વર્ષીય ચંદ્રકાંત રમેશ નિકુંભ ફેબ્રિકેશન વર્કશોપ ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૩ ડિસેમ્બર-૨૦૨૪થી ૨૮ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન ખટોદરા મહાત્માવાડી પાસે 'જનાદેશ પ્રેસ'ની ઓફિસ ધરાવતો રાજેન્દ્ર દિનકરભાઈ ચૌધરી (રહે.,રત્નપ્રભા સોસાયટી, પરવટ ગામ) ચંદ્રકાંતભાઈના સંપર્કમાં આવ્યો હતો. રાજેન્દ્રએ મનપામાં ઉચ્ચ સ્તરે મોટી વગ હોવાની ગુલબાંગો હાંકી વેપારીને મહાનગરપાલિકાનું મોટું ઓફિશિયલ ટેન્ડર અપાવવાનું કહી એક બેંક ચેક/ડીડી (નં.૫૩૯૦૦૬) તૈયાર કર્યો હતો. આ ડીડીની મૂળ રકમ માત્ર રૂ.૧,૪૮,૨૯૯ હતી, પરંતુ ડિજિટલ ચેડાં કરીને તેમાં રૂ.૧,૪૮,૨૯,૯૦૦ દર્શાવી તેનો ફોટો વેપારીને વોટ્સએપ પર મોકલી આપ્યો હતો. આ નકલી પુરાવાઓના જોરે તેણે વેપારી પાસેથી કટકે-કટકે કુલ રૂ.૧,૮૪,૧૨,૧૬૬ મેળવી લીધા હતા અને બાદમાં હાથ અધ્ધર કરી દીધા હતા. જેથી ચંદ્રકાંત નિકુંભે રાજુ ચૌધરી સામે ખટોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### આરોગ્ય સેવાઓમાં આધુનિક પરિવર્તન લાવવા પ્રયાસ

# સુરતની નવી સિવિલ હોસ્પિ.ને પહેલી વખત સરકારે રૂપિયા 49 કરોડ ફાળવ્યા

**અદ્યતન ICU**, આધુનિક ઓપરેશન થિયેટર, ડાયગ્નોસ્ટિક લેબ અને નવાં સાધનો સાથે દક્ષિણ ગુજરાતના દર્દીઓને મળશે મોટી રાહત

### ગ્રાન્ટના ઉપયોગ બાબતે વિવિધ વિભાગોના વડાઓ સાથે પરામર્શ થશે

આ ગ્રાન્ટના ઉપયોગ માટે સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે પરામર્શ કરવામાં આવશે. દરેક વિભાગ પોતાની જરૂરિયાત મુજબના સાધનો અને સુવિધાઓ અંગે દરખાસ્ત રજૂ કરશે. તેમાં આધુનિક સર્જરી માટે લેપ્રોસ્કોપીના સાધનો, સચોટ નિદાન માટે અદ્યતન ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, આધુનિક કેમેરા અને નવી ટેક્નોલોજીથી સજ્જ ઓપરેશન થિયેટર સહિતની સુવિધાઓનો સમાવેશ થશે. સાથે જ જનરલ વોર્ડમાં પણ આધુનિકીકરણ કરવામાં આવશે

સુરતઃ રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને સુરત શહેરની આરોગ્ય સેવાઓને વધુ સશક્ત અને આધુનિક બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવી સિવિલ હોસ્પિટલ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.49 કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

આ ગ્રાન્ટમાં વિવિધ વિભાગોમાં અદ્યતન સાધનોની ખરીદી માટે રૂ.40 કરોડ અને અદ્યતન ICU સુવિધા ઉભી કરવા માટે અલગથી રૂ.9 કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ નવી સુવિધાઓ ગંભીર અને જટિલ બીમારીઓથી પીડાતા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ખાસ કરીને બ્રેઈન હેમરેજ, સ્ટ્રોક, લકવો, ઝેર પીધેલા દર્દીઓ તેમજ અન્ય ક્રિટિકલ સ્થિતિમાં સારવાર લેતા દર્દીઓને હવે વધુ અસરકારક અને ઝડપી સારવાર મળી શકશે. નવી ICUમાં આધુનિક જીવનરક્ષક મશીનો અને અત્યાધુનિક મોનીટરીંગ સિસ્ટમ્સ ઉપલબ્ધ કરાશે. આ આરોગ્ય સુવિધાઓનો લાભ માત્ર સુરત શહેર પૂરતો મર્યાદિત નહીં રહે પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતના દર્દીઓને પણ મળશે.

# શિપ ટુ GSTIN અને ઈ-વે બિલ ક્લોઝર 1લી ઓગસ્ટથી અમલમાં

**માલ** અને સેવા કર નેટવર્ક દ્વારા ઈ-વે બિલ સિસ્ટમમાં અમલમાં

**આવનારા** બે મહત્ત્વપૂર્ણ ફેરફારોની અમલવારી ૧૫ જૂનથી થવાની હતી

સુરતઃ માલ અને સેવા કર નેટવર્ક (GSTN) દ્વારા ઈ-વે બિલ સિસ્ટમમાં અમલમાં આવનારા બે મહત્ત્વપૂર્ણ ફેરફારોની અમલવારી 15 જૂન, 2026ના બદલે હવે 1 ઓગસ્ટ, 2026થી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. GSTNના નિર્ણયથી સુરતના ટેક્સટાઈલ, યાર્ન, કેમિકલ, ડાયમંડ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓને નવી વ્યવસ્થા માટે જરૂરી ટેક્નિકલ તૈયારીઓ કરવા વધુ સમય મળશે. નવી જોગવાઈ મુજબ Bill-To/Ship-To પ્રકારના વ્યવહારોમાં માલ જે વ્યક્તિ અથવા સ્થળે મોકલવામાં આવે છે તેનું "Ship To GSTIN" ફરજિયાત દર્શાવવું પડશે. જો માલ બિન-નોંધાયેલ વ્યક્તિને મોકલવામાં આવતો હોય તો "URP" (Unregistered Person) દાખલ કરવું રહેશે.

ઉપરાંત ઈ-વે બિલ સિસ્ટમમાં સ્વૈચ્છિક ક્લોઝરની નવી સુવિધા પણ ઉપલબ્ધ થશે. માલની ડિલિવરી પૂર્ણ થયા બાદ સપ્લાયર, ગ્રાહક, ટ્રાન્સપોર્ટર અથવા અધિકૃત વ્યક્તિ ઈ-વે બિલને ક્લોઝ કરી શકશે. જેના કારણે ટ્રાન્ઝિટ અને ડિલિવરી સંબંધિત માહિતી વધુ પારદર્શક બનશે. સુરતનાં વેપાર વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે કે નવી સમયમર્યાદાના કારણે વેપારીઓને સિસ્ટમમાં જરૂરી ફેરફારો કરવા પૂરતો સમય મળશે અને 1 ઓગસ્ટથી નવી વ્યવસ્થાનો અમલ સરળતાથી થઈ શકશે. GSTNએ પણ તમામ કરદાતાઓ અને ટેક્નોલોજી સેવા પ્રદાતાઓને નિર્ધારિત સમય પહેલાં જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવાની સલાહ આપી છે.

# કઠોર હાઈવે, શાહપોર, માન દરવાજાથી વિસ્તારમાંથી MD સાથે ૪ પેડલર ઝબ્બે

**હાઈવે** પર મુંબઈનો કાપડ વેપારી અને શાહપોરમાં ઘરમાં ચાલતું ડ્રગ્સ નેટવર્ક પકડાયું

**પોલીસે** અલગ-અલગ દરોડામાં ૩ આરોપીઓને વૉન્ટેડ જાહેર કર્યા

સુરતઃ ઉત્રાણ, સલાબતપુરા અને લાલગેટ પોલીસે સંયુક્ત રીતે અલગ-અલગ ઓપરેશન પાર પાડી મુંબઈના એક કાપડ વેપારી સહિત કુલ ૪ ડ્રગ્સ પેડલરોને આશરે ૮૦.૭૬ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ અને અન્ય મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે કુલ રૂ.૬.૨૪ લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરી આ રેકેટમાં સામેલ અન્ય ૩ ઈસમોને વૉન્ટેડ જાહેર કરી તપાસ શરૂ કરી છે.

### કઠોર હાઈવે પરથી ભીંડી બજારનો વેપારી પકડાયો

પ્રથમ બનાવની વિગત એવી છે કે, ઉત્રાણ પોલીસે કઠોર હાઈ પરથી મોહંમદ અલી સુલેમાન મન્સુરી (ઉ.વ.૩૮, રહે. ભીંડીબજાર, મુંબઈ, મૂળ રહે. નાગેશ્રી, તા. રાજુલા, જી. અમરેલી)ને આંતરી તેની પાસેથી રૂ.૩,૮૩,૭૦૦ની કિંમતનું ૩૮.૩૭ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ કબ્જે કર્યું હતું. આ જથ્થો તેને મુંબઈના વાળીબંદરના અકબર નામના શખ્સે આપ્યો હતો અને તે સુરતના કઠોર વિસ્તારના 'નાનો મન્સુરી' નામના ઈસમને આપવાનો હતો.

### માન દરવાજામાંથી બે પેડલરો દબોચાયા

માનદરવાજા હળપતિ કોલોનીની જલારામ શેરીમાં સલાબતપુરા પોલીસે દરોડો પાડી ડ્રગ્સ વેચતા બે સ્થાનિક પેડલરો (૧) સાજીદ ઉર્ફે ડેની મજીદ શેખ (ઉ.વ.૨૭) અને (૨) સાજીદ ઉર્ફે સજુ નજીમુદ્દીન શેખ (ઉ.વ.૨૭, બંને રહે. માનદરવાજા, સલાબતપુરા)ને રંગેહાથ ઝડપી લીધા હતા

### શાહપોરમાં ઘરમાં ચાલતા ડ્રગ્સના અડ્ડા પર દરોડા

લાલગેટ પોલીસે શાહપોર તાંતવાડા પટની હોલ સામેની ગલીમાં આવેલા એક મકાનમાં દરોડા પાડી ત્યાંથી મોહંમદ ઉમર અહમદ મીયા બારડોલીવાળાને ઝડપી પાડી તેની પાસેથી ૯૨,૦૪૦ની કિંમતનું ૩૦.૬૮૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબ્જે કર્યું હતું. ડ્રગ્સનો જથ્થો લાવનાર તેના પુત્ર મોહંમદ આબીદ બારડોલીવાલા (ઉ.વ.૨૫)ને વોન્ટેડ જાહેર કરાયો હતો.

### ચેક રિટર્નમાં સજા સામે વેપારીની ત્રણ અપીલ સેશન્સે ફગાવી

સુરતઃ ચેક રિટર્ન કેસમાં થયેલી સજા સામે કરાયેલી ત્રણ અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો ચુકાદો માન્ય રાખી આરોપી સામે વોરંટ ઈસ્યુ કર્યું હતું. પ્રકાશ ટેક્સટાઈલ્સના નામથી ગોપદોરી મેન્યુફેક્ચરિંગ કરી વેચાણનો વ્યવસાય કરતાં ફરિયાદી પ્રકાશ કંચનલાલ લેશવાલા પાસેથી આરોપી પરિમલ હસમુખભાઈ જરીવાલાએ રૂ.૫,૧૩,૬૧૧નો માલ ખરીદ્યો હતો. જે પેટે આપેલાં ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદો કરી હતી. ત્રણ કેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને ચેકની રકમ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આ હુકમની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં ત્રણ અપીલ કરી હતી. ફરિયાદીના એડવોકેટ ધર્મેશ એમ. ગાંધી તથા સમીરા એચ. મલેકએ ટ્રાયલ કોર્ટે આરોપીને કરેલી સજાનો હુકમ યોગ્ય છે તેવી દલીલો કરી હતી.



(તસવીર : સતીષ જાદવ)

# કોંગ્રેસનું 'હલ્લાબોલ',કચેરીએ 'તાળાબંધી'

**ભૂતિયા** ડિમોલિશન મામલે કોંગ્રેસ આક્રમક, કમિ.ની ગેરહાજરીમાં મનપા કચેરીએ એડિશનલ સિટી ઈજનેરે આવેદનપત્ર સ્વીકાર્યું

**કમિ.ના** બંગલે જઈને ઘેરાવ કરાતાં પોલીસે અટકાયત કરી

સુરતઃ નાસીરનગરના ભૂતિયા ડિમોલિશન મામલે સ્થાનિક રહીશો અને શહેર કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકાની મુખ્ય ઓફિસ તાપી ભવન ખાતે હલ્લાબોલ કરી ઉગ્ર ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન કોંગ્રેસ દ્વારા મનપાની મુખ્ય કચેરીને તાળા મારવાનો પ્રયાસ કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. મનપા કમિશનર તાપી ભવનમાં હાજર નહી હોવાથી કોંગ્રેસ અને સ્થાનિકો દ્વારા મ્યુ. કમિશનર એમ નાગરાજનના બંગલા પર મોરચો લઈ જવાયો હતો જો કે ધરણાં પર બેસતાની સાથે જ પોલીસ દ્વારા નાસીરનગરના લોકો અને કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળા, ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી, કોર્પોરેટર અરશદ જરીવાળા અને પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાળા સહિતના કોંગ્રેસ કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

### વિવાદ વચ્ચે કાર્ય. ઈજનેર જીવણરામજીવાલા રજા પર

મોલીશનના વિવાદ વચ્ચે સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઇજનેર જયાંગ જીવણરામજીવાલા રજા પર ઉતરી ગયા છે. જીવણરામજીવાલા દ્વારા અગાઉથી જ રજા મૂકવામાં આવી હતી. પરંતુ ઝોનના વડા રજા પર હોવાથી તેમની રજા પાછી ઠેલાઇ હતી.

# જિલાણી બ્રિજ પર ઓઈલ ઢોળાતા અનેક બાઈકસવારો ધડાધડ લપસ્યા

**એકની** પાછળ એક વાહનો સ્લિપ થતાં ટ્રાફિક જામ સર્જાયો, ફાયર બ્રિગેડે માર્ગ સાફ કર્યા બાદ વાહનવ્યવહાર પુનઃ શરૂ કરાયો



સુરતઃ ચંદ્રશેખર આઝાદ (જિલાણી) બ્રિજ પર મંગળવારે બપોરે ગં રસ્તા પર ઓઈલ ઢોળાઈ જતાં અનેક ટુ-વ્હીલર વાહનો સ્લીપ થયા હતા, જ્યારે કેટલાક વાહનો બ્રેક સમયસર ન લાગવાને કારણે એકબીજા સાથે અથડાતા નાના-મોટા અકસ્માતો પણ સર્જાયા હતા. ઘટનાના કારણે બ્રિજ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ બપોરે અંદાજે 12:30 કલાકે બ્રિજ પર કોઈ વાહનમાંથી ઓઈલ લીક થઈ જતાં રસ્તો અત્યંત લપસણો બની ગયો હતો. તે સમયે પિક અવર્સ હોવાથી મોટી સંખ્યામાં વાહનો પસાર થઈ રહ્યા હતા. કેટલાક વાહનો વચ્ચે અથડામણ થતાં ટ્રાફિકની સમસ્યા વધુ વકરતી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ અડાજણ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર કર્મચારીઓએ ફોમ તેમજ પાણીના જોરદાર ફુવારા વડે રસ્તા પર ફેલાયેલું ઓઈલ દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. લાંબી મહેનત બાદ બ્રિજની સપાટી સુરક્ષિત બનતા વાહનવ્યવહાર માટે માર્ગ ફરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતમાં મરાઠી ઉદ્યોગકારો દ્વારા પ્રથમ ચેપ્ટર કિલ્લાસુવર્ણદુર્ગનું લોન્ચિંગ કરાયું



સુરતઃ ૬ જૂન ૧૬૭૪ના રોજ છત્રપતિ શિવાજી મહારાજના હિંદવી સ્વરાજ્યનો રાજ્યાભિષેક થયો હતો. જેની પ્રેરણાથી સુરતમાં મરાઠી ઉદ્યોગકારો માટે 360 ગ્રોથ ઇકોસિસ્ટમ ઊભું કરવાના હેતુથી 'સ્વરાજ્ય એન્ટરપ્રેન્યોર નર્ચર એલાયન્ઝ (SENA)'દ્વારા તેના પ્રથમ ચેપ્ટર 'કિલ્લા સુવર્ણદુર્ગ'નું લોન્ચિંગ કરવામાં આવ્યું. આ પહેલ વિજય કમલ ફાઉન્ડેશનના વિશેષ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી છે. સ્વરાજ્ય SENAના સ્થાપક વિક્રમ સણસે જણાવ્યું હતું કે,'સુવર્ણદુર્ગ ચેપ્ટર દ્વારા સુરતના મરાઠી ઉદ્યોગકારોને એક મજબૂત મંચ પર એકત્રિત કરીને તેમને શીખવા, વિકાસ કરવા અને એકબીજાના વિકાસમાં સહભાગી બનવાની તક મળશે. આ પ્રસંગે સ્થાપક સભ્યોની હાજરીમાં 'સ્થાપક ઉદ્યોગક માવળા'સન્માનપત્ર વિતરણ, સ્વરાજ્ય પ્રતિજ્ઞા, વિઝન રજૂઆત અને આગામી વર્ષ માટેના વિકાસલક્ષી આયોજનની પણ જાહેરાત કરવામાં આવી હતી.

### અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ, અડાજણ દ્વારા વિવિધ કોમ્પિટિશન યોજાઈ




સુરતઃ અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ, અડાજણ દ્વારા રવિવાર તારીખ 31 મેના રોજ કેરમ, ચેસ તથા ટેબલ ટેનિસની કોમ્પિટિશનનું આયોજન દયાળજી કેળવણી મંડળ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં 12 વર્ષથી 82 વર્ષ સુધીના બાળકો, ભાઈઓ, બહેનો અને વડીલો સહિત કુલ 126 અનાવિલ સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં રાખવામાં આવી હતી. દરેક વિભાગમાંથી વિજેતા અને રનર્સઅપને ટ્રોફી આપવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રોફેશનલ રેફરીઓની સેવા લેવામાં આવી હતી. ટ્રસ્ટના દરેક હોદ્દેદારો તથા સભ્યોએ સ્વયંસેવક તરીકે સેવા આપી સ્પર્ધાને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

### સિદ્ધાચલની પાવન ધરતી અનંતા સિદ્ધોની ઉર્જાવંત ભૂમિ છે: પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈના મુલુંડ સ્થિત સર્વોદયનગરના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ વૃંદની પાવન પધરામણી થઈ હતી. આ પાવન પ્રસંગે અરૂણાબેન જીતેન્દ્રભાઈ લવજીભાઈ શાહ ભદ્રાવળવાળા પરિવારના વિહાર સેવા ગૃપ મુલુંડના મુખ્ય કન્વીનર અમીતભાઈ સી.એ., સુશ્રાવિકા નેહાબેન અને જિમીત (પુત્ર)ની શાશ્વતા ગિરિરાજ તીર્થની 99 યાત્રા પ્રભુની કૃપાથી સુખપૂર્વક સંપન્ન થતાં સર્વોદય નગર જૈન સંઘમાં ભાવયાત્રાનો સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. સ્મિત કોઠારીએ સંવેદના સભર વાતાવરણ ખડુ કર્યું હતું. આ પાવન અવસરે વિરાટ માનવ મહેરામણ ઉમટ્યો હતો. પરિવાર દ્વારા ચકાચક નવકારશીનું આયોજન થયું હતું. આ રૂડા અવસરે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે શાશ્વતા પાલીતાણા તીર્થનો મહિમા બતાવતા જણાવ્યું હતું કે, સિદ્ધાચલની પાવન ધરતી અનંતા સિદ્ધોની ઊર્જાવંત ભૂમિ છે. જે ધરતીના કણકણમાં અનંતા આત્માઓ મોક્ષપદને પામ્યા છે. પુરુષાર્થ કરતાં પણ પ્રભુનો પ્રભાવ જ આ 99 યાત્રા કરાવે છે.

### સી. કે. પીઠાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચનું ગૌરવ



સુરતઃ નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સી. કે. પીઠાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, સુરતના એમ. ફાર્મ (ફાર્માસ્યુટિક્સ) સેમેસ્ટર-4ના વિદ્યાર્થીઓએ GTU દ્વારા જાહેર કરવામાં આવેલા સમર-2026 પરીક્ષાના પરિણામમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થી કાકડિયા વેદાંત અને પાટીલ પ્રેરણાએ 10 SPI પ્રાપ્ત કરીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. ઉપરાંત, 08 વિદ્યાર્થીઓએ 9.20 SPI સાથે દ્વિતીય સ્થાન તથા 05 વિદ્યાર્થીઓએ 8.40 SPI સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને શૈક્ષણિક શ્રેષ્ઠતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સફળતા બદલ નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટના પ્રેસિડેન્ટ મહેશભાઈ પીઠાવાલા અને ટ્રસ્ટીઓએ તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### અમરોલી ખાતે સુરતના ખંભાતી પ્રજાપતિ સમાજનું 21મું સ્નેહમિલન યોજાયું




સુરતઃ અમરોલીમાં ગત તા.7મી જુનના રોજ ખંભાતી પ્રજાપતિ સમાજ, સુરતનું 21મું સ્નેહમિલન યોજાયું હતું. જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરવાની સાથે સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ અને ઉપપ્રમુખ ડો. વિમલભાઈએ યુવાનો અભ્યાસ કરે અને સમાજની રાષ્ટ્રની અને પરિવારને સેવા કરે એવી વાત કરી હતી. ફ્રીમાં નોટબુક, દફતર, લંચ બોક્સ, વોટર બેગ વિગેરે સમાજના તમામ બાળકોને આપવામાં આવી હતી. સાથે સાથે ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર દિકરી મુક્તિબેન નરેશભાઈ પ્રજાપતિનું સન્માન કરી સમાજ એક થઈ રહે તેવી પ્રેરણા આપવામાં આવી હતી.

### એલ.એચ.બોઘરા શિશુવિહાર શાળામાં વિદ્યારંભ સંસ્કારનું આયોજન



સુરતઃ અડાજણ રોડ સ્થિત એલ.એચ.બોઘરા શિશુવિહાર શાળા અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ પ્લેગૃપ અને નર્સરીના બાળકો માટે પ્રવેશોત્સવમાં વિદ્યારંભ સંસ્કાર આપવામાં આવ્યા. જેમાં માતા-પિતા સાથે બાળકોને બોલાવ્યા. ધાર્મિક વિધિ પ્રમાણે ગણેશની પૂજા અને સરસ્વતી માતાની પૂજા, આરતી બાળકો પાસે કરાવી. સફળતાની સફળ શુભ શરૂઆતમાં સરસ્વતીના આશિર્વાદથી કરવામાં આવી. શાળા પરિવારે દરેક બાળકનું જીવન જ્ઞાનના પ્રકાશથી ઝગમગી ઉઠે અને જીવન સફળતાના શિખરો સર કરે એવી શુભકામના આપી હતી.